નામદાર શ્રી જયુડીશીયલ મેજિસ્ટ્રેટ ફ.ક. (મેઈન) સાહેબની
અદાલતમાં, રાજકોટ.

ફોજદારી કેસ નં. :–૭૫૮૯/૨૦૨૨
આંક–૫

શ્રી સ ર કા ર. :::::::: ફરિયાદી.

વિ રૂ દ્ધ

અશ્વીનભાઈ પ્રતાપભાઈ ગીડા જાતે દરબાર ::::::: આરોપી.

ગુનો :–આઈ.પી.સી.કલમ– ૨૮૩ મુજબ.

:: ચુકાદો ::–

(૧) આ કામનું કેસ રેકર્ડ આજરોજ સ્પેશીયલ સીટીગ દરમ્યાન હાથ પર લઈ વંચાણે લીધુ. આ કામના આરોપીઓ સામે આઈ.પી.સી એકટની કલમ–૨૮૩ મુજબનો ગુનો નોંધાતા, આરોપી/ઓ સામે હાલનું ચાર્જશીટ અત્રેની અદાલત સમક્ષ રજુ થતા અત્રેની અદાલતે આરોપી સામે સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરેલ. આરોપીનો સમન્સ યોગ્ય રીતે બજવણી થઈ જતા આરોપી સ્પેશીયલ સીટીગ દરમ્યાન હાજર થયેલ છે. આરોપીને ભા.ફ.અ. ની કલમ– ૨૦૭ મુજબ પોલીસ પેપર્સની નકલો પુરી પાડયા અંગેની ખાત્રી કરેલ છે.

(૨) ઉપરોકત ગુન્હા અંગે આંક–૪ મુજબ આરોપીની પ્લી લેતા, આરોપીએ તેમનો ગુનો કબુલ કરી, આંક–૩ થી ગુન્હા અંગે લેખિતમા પુરસીસ

આપી જણાવેલ છે કે, આ તેમનો પ્રથમ ગુન્હો છે. ગુન્હા બદલ તેઓને ઘણો જ પસ્તાવો છે. કાયદાના અજ્ઞાનને લીધે અજાણતાથી આ ગુન્હો તેમનાથી થઈ ગયેલ છે, તેથી ભવિષ્યમાં આવો ગુન્હો નહી બને તેવી ખાત્રી અને ભરોસો આપી તેઓએ હળવો દંડ કરી, છોડી મુકવા અરજ કરેલ છે.

(૩) આરોપી તરફે રજુ થયેલ ઉપરોકત ગુન્હા કબુલાત પુરસીસ સ્વૈચ્છિક હોઈ તે નોંધી પરંતુ આરોપીની સદરહુ કબુલાત તેમની વિરૂધ્ધનો પુરાવો ગણાશે તેવી સ્પષ્ટ સમજ આરોપીઓને આપવામાં આવેલ છે તેમ છતા આરોપી રાજીખુશીથી ગુનો કબુલ કરે છે. તેવી કોર્ટે ખાતરી કરેલ છે. આ તબકકે નામદાર ગુજરામત વડી અદાલતનો ગુજરાત રાજય વિ. નટવર હરચંદજી કાઠોર, જી.એલ.આર ૨૦૦૫ (૧) પાના નંબર ૭૦૯ પર પ્રસિધ્ધ થયેલ ચુકાદો વંચાણે લીધો. તેમજ સદરહુ ચુકાદાના પાના નંબર ૭૨૧ ના પેરા–૨૧ માં જણાવેલ કારણો ધ્યાને લીધા. આ કામના આરોપી કુટુંબ કબીલાવાળા છે અને તેઓ કુટુંબના એકમાત્ર કમાનાર ઈસમ છે તથા તેઓનો આ પ્રથમ ગુનો છે. આરોપીની સામાજીક તેમજ આર્થિક પરિસ્થિતિને ધ્યાને લઈ તેમજ ઉપરોકત ચુકાદામા પ્રસ્થાપિત સિધ્ધાંતોને ધ્યાને લેતા આરોપી સ્વેચ્છાએ ગુનાની કબુલાત કરતા હોઈ, આરોપીની આ કબુલાત હું સ્વીકારૂ છુ. અને આરોપીને તેમની સામેના ગુનામાં તકસીરવાન ઠરાવુ છું. પરંતુ આરોપીની કબુલાત તેમજ કેસની હકીકતોને ધ્યાને લેતા, આરોપીને યોગ્ય રકમનો દંડ કરવામા આવે તો ન્યાયનો હેતુ જળવાઈ રહેશે તેમ માનુ છુ. જેથી ન્યાયના વિશાળ હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## -: હુ ક મ :-

આ કામના આરોપીને આઈ.પી.સી. કલમ- ૨૮૩ મુજબ ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ-૨૫૨ અન્વયે મુજબ તકસીરવાન ઠરાવુ છું અને સદર ગુના સબબ ૧૦૦/- (અંકે રૂપીયા સો પુરા) નો દંડ અને કોર્ટ ઉઠતા સુધીની સજા ફરમાવવાનો હુકમ કરું છું. જો આરોપી દંડ ન ભરે તો દિન -૧ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

મુદ્દામાલ અંગે કરવામાં આવેલ વચગાળાનો હુકમ આથી કાયમ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી સ્પેશીયલ સીટીંગમાં જાહેર કર્યો.

**DATE : 26-06-2022**
**PLACE: RAJKOT**

**(SHEETAL VENKATESON MUDALIAR)**
**JUDICIAL MAGISTRATE FIRST CLASS (MAIN)**
**RAJKOT.**
**CODE NO.GJ01217**